# Updates/GST/Legal-05/2022
# Dt. 31/05/2022

## Important updates from
### Dt. 28/04/2022 to 31/05/2022

**Legal Branch**
**Office of the Chief Commissioner,**
**State tax, Gujarat**

# અપડેટમાં સમાવેશ કરવામાં આવેલ બાબતો

| અનુ નં. | વિષય |
| --- | --- |
| ૧ | જીએસટી કાયદા હેઠળ જારી કરવામાં આવેલ નોટીફીકેશન અન્વયેની અગત્યની જોગવાઇઓ |
| ૨ | **જીએસટી પોર્ટલ દ્વારા મે-૨૦૨૨ દરમિયાન જારી કરવામાં અપડેટ્સ/News** |
| ૩ | વેરા સમાધાન યોજના-૨૦૧૯ હેઠળ ફક્ત વ્યાજની રકમ બાકી હોય તેવાં કિસ્સામાં યોજનાનો લાભ |
| ૪ | વ્યવસાય વેરા નિયમોમાં કરવામાં આવેલ ફેરફારો |

## ૧. જીએસટી કાયદા હેઠળ કરવામાં આવેલ નોટીફીકેશન અન્વયેની અગત્યની જોગવાઇઓ:

### ૧.૧ પત્રકની મુદતમાં વધારો:

- માસિક પત્રક રજુ કરતાં કરદાતાઓ માટે એપ્રિલ-૨૦૨૨ માટેનાં પત્રક ફોર્મ GSTR-3B રજુ કરવાની સમયમર્યાદા કમિશનર ઓફ સેન્ટ્રલ ટેક્સ દ્વારા નોટીફીકેશન જારી કરીને તા. ૨૦/૦૫/૨૦૨૨ ને બદલે તા. ૨૪/૦૫/૨૦૨૨ સુધી લંબાવેલ છે. આથી, એપ્રિલ-૨૦૨૨ માટે વેરાની ચૂકવણીની તારીખ પણ તા. ૨૪/૦૫/૨૦૨૨ સુધી લંબાવેલ ગણાશે.
- જીજીએસટી કાયદાની કલમ-૩૯(૬) ની જોગવાઇને ધ્યાને લેતાં પ્રસ્તુત નોટીફીએશન કમિશનર ઓફ સ્ટેટ ટેક્સ દ્વારા જારી થયેલ માની લેવાનું રહે છે.

*[નોટીફીકેશન નં. ૦૫/૨૦૨૨-સેન્ટ્રલ ટેક્સ તા. ૧૭/૦૫/૨૦૨૨]*

### ૧.૨ વેરાની ચુકવણીની મુદતમાં વધારો:

- ત્રિમાસિક પત્રક માસિક ચૂકવણી (QRMP) વિકલ્પ પસંદ કરેલ હોય તેવાં કરદાતાઓ માટે એપ્રિલ-૨૦૨૨ માસ માટેનાં ફોર્મ PMT-06 ચલણમાં વેરાની ચૂકવણી કરવાની સમયમર્યાદા કમિશનર ઓફ સેન્ટલ ટેક્સ દ્વારા નોટીફીકેશન જારી કરીને તા. ૨૫/૦૫/૨૦૨૨ ને બદલે તા. ૨૭/૦૫/૨૦૨૨ સુધી લંબાવવામાં આવેલ છે.
- જીજીએસટી રુલ્સનાં નિયમ-૬૧(૩) નાં બીજા પ્રોવિઝોની જોગવાઇને ધ્યાને લેતાં પ્રસ્તુત નોટીફીકેશન કમિશનર ઓફ સ્ટેટ ટેક્સ દ્વારા જારી થયેલ માની લેવાનું રહે છે.

*[નોટીફીકેશન નં. ૦૬/૨૦૨૨-સેન્ટ્રલ ટેક્સ તા. ૧૭/૦૫/૨૦૨૨]*

## ૧. જીએસટી કાયદા હેઠળ કરવામાં આવેલ નોટીફીકેશન અન્વયેની અગત્યની જોગવાઇઓ : **Cont…**

### ૧.3 લેટ ફીમાં માફી:

- નોટીફીકેશન નં. ૭૩/૨૦૧૭ માં સુધારો કરીને કોમ્પોઝીશન વિકલ્પ પસંદ કરેલ હોય તેવાં કરદાતાઓ માટે નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટેના પત્રક ફોર્મ **GSTR-4** મોડા રજુ કરવા અંગે તા. ૦૧/૦૫/૨૦૨૨ થી તા. ૩૦/૦૬/૨૦૨૨ ના સમયગાળા સુધીની લેટ ફી સંપૂર્ણ માફ કરવામાં આવે છે.
- અત્રે ઉલ્લેખનીય છે કે નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ અને ત્યાર પછીના તમામ વર્ષ માટેનાં પત્રક ફોર્મ GSTR-4 ની મહત્તમ લેટ ફી નીચે મુજબ છે:

  (i) વેરાકીય જવાબદારી શૂન્ય હોય:
  - પત્રકદીઠ મહત્તમ રૂ. ૫૦૦ (૨૫૦ CGST+૨૫૦ SGST)

  (ii) અન્ય કિસ્સામાં:
  - પત્રકદીઠ મહત્તમ રૂ. ૧,૦૦૦ (૫૦૦ CGST+૫૦૦ SGST)

*[નોટીફીકેશન નં. ૦૭/૨૦૨૨-સેન્ટ્રલ ટેક્સ તા. ૨૬/૦૫/૨૦૨૨]*

# ૨. જીએસટી પોર્ટલ દ્વારા મે-૨૦૨૨ દરમિયાન જારી કરવામાં અપડેટ્સ/News:

## ૨.૧ Annual Aggregate Turnover (AATO) computation for FY 2021-22 Dt. 02/05/2022

The functionality of AATO for the FY 2021-22 has now been made live on taxpayers' dashboards with the following features:

- The taxpayers can view the exact Annual Aggregate Turnover (AATO) for the previous Financial Year (FY).
- The taxpayers can also view the Aggregate Turnover of the current FY based on the returns filed till date.
- The taxpayers have also been provided with the **facility of turnover updation** in case taxpayers feel that the system calculated turnover displayed on their dashboard varies from the turnover as per their records.
- This facility of turnover update shall be provided to all the GSTINs registered on a common PAN. All the changes by any of the GSTINs in their turnover shall be summed up for computation of Annual Aggregate Turnover for each of the GSTINs.
- The taxpayer can amend the turnover **twice within** the month of May, 2022. Thereafter, the figures will be sent for review of the Jurisdictional Tax Officer who can amend the values furnished by the taxpayer wherever required.

## ૨.૨ Module wise new functionalities deployed on the GST Portal for taxpayers Dt. 10/05/2022

- Various new functionalities are implemented on the GST Portal, from time to time, for GST stakeholders. These functionalities pertain to different modules such as Registration, Returns, Advance Ruling, Payment, Refund and other miscellaneous topics. Various webinars are also conducted as well informational videos prepared on these functionalities and posted on GSTNs dedicated YouTube channel for the benefit of the stakeholders.
- To view module wise functionalities deployed on the GST Portal and webinars conducted/ Videos posted on our YouTube channel, refer to table below:

## ૨. જીએસટી પોર્ટલ દ્વારા મે-૨૦૨૨ દરમિયાન જારી કરવામાં અપડેટ્સ:

**Cont…**

| Sl. No. | Taxpayer functionalities deployed on the GST Portal during | Click link below |
|---|---|---|
| 1 | January-March, 2022 | https://tutorial.gst.gov.in/downloads/news/new_functionalities_compilation_jan_mar_2022.pdf |
| 2 | December, 2021 | https://tutorial.gst.gov.in/downloads/news/new_functionalities_compilation_december_2021.pdf |
| 3 | November, 2021 | https://tutorial.gst.gov.in/downloads/news/new_functionalities_compilation_november_2021.pdf |
| 4 | July-September, 2021 | https://tutorial.gst.gov.in/downloads/news/new_functionalities_compilation_july_september_2021.pdf |
| 5 | April-June, 2021 | https://tutorial.gst.gov.in/downloads/news/newfunctionalities_compilationaprjun2021.pdf |
| 6 | January-March, 2021 | https://tutorial.gst.gov.in/downloads/news/newfunctionalitiescompilation_janmar2021.pdf |
| 7 | October-December, 2020 | https://tutorial.gst.gov.in/downloads/news/functionalities_released_octtodec2020.pdf |
| 8 | Compilation of short videos on Taxpayer functionalities | https://tutorial.gst.gov.in/downloads/news/compilation_of_short_videos_uploaded_on_gstn_you_tube_channel_from_2020_to_2022.pdf |

# ૨. જીએસટી પોર્ટલ દ્વારા મે-૨૦૨૨ દરમિયાન જારી કરવામાં અપડેટ્સ:

**Cont…**

## ૨.3 Reporting 6% rate in GSTR-1 Dt. 10/05/2022

- A new tax rate of 6% IGST or 3% CGST+ 3% SGST has been introduced on certain goods vide Notification No. 02/2022 dated 31st March 2022. Changes are being made on the GST portal to include this rate in GSTR-1. As a temporary measure, taxpayers who have to report goods at this rate may do so by reporting the entries in the 5% heading and then manually increasing the system computed tax amount to 6%. This can be done by entering the value in the 'Taxable value' column next to 5% tax-rate and then increasing the system computed tax-amount to 6% IGST or 3% CGST + 3% SGST in the 'Amount of Tax' column under the relevant Table, namely B2B, B2C or Export, as applicable. This will ensure that correct tax amount is reported in GSTR-1. Meanwhile, this rate will be made available on the GST portal shortly.
- GSTN regrets any inconvenience caused in this regard.

## ૩. <u>વેરા સમાધાન યોજના-૨૦૧૯ હેઠળ ફક્ત વ્યાજની રકમ બાકી હોય તેવાં કિસ્સામાં યોજનાનો લાભ</u>:

૩.૧ વેરા સમાધાન યોજના-૨૦૧૯ હેઠળ બધીજ રકમ તા. ૩૧/૦૮/૨૦૨૧ સુધીમાં વ્યાજ સાથે ભરવા અંગેની જોગવાઇ કરવામાં આવેલ.

૩.૨ વેપારી દ્વારા હપ્તા ભરવાની અંતિમ તારીખ સુધીમાં વેરાની તમામ મૂળ રકમ ભરપાઇ કરેલ હોય પરંતુ વ્યાજની રકમ અંશત: કે સંપૂર્ણ ભરવાની બાકી હોય તેવાં કિસ્સામાં વેપારીઓને યોજનાનો લાભ મળવાપાત્ર નથી.

૩.૩ વેપારીઓને રાહત આપવા માટે રાજ્ય સરકાર દ્વારા નીચે મુજબનો ઠરાવ પસાર કરવામાં આવેલ છે:

> *“તા. ૩૧/૦૮/૨૦૨૧ સુધીમાં વેરા સમાધાન યોજના-૨૦૧૯ હેઠળ ભરવાપાત્ર થતી વેરાની <u>બધી જ રકમ યોજનાની અંતિમ તારીખ સુધીમાં ભરપાઇ કરેલ હોય પરંતુ માત્ર</u> ભરવાપાત્ર <u>વ્યાજની રકમ અંશત: કે સંપૂર્ણ ભરવાની બાકી</u> હોય તેવાં કિસ્સામાં જ જો વેપારી <u>તેવી વ્યાજની રકમ</u> હવે આ ઠરાવની તારીખથી બે માસમાં એટલે કે, <u>તા. ૨૫/૦૭/૨૦૨૨ સુધીમાં એકીસાથે ભરપાઇ કરે તો તેને</u> વેરા સમાધાન યોજના ૨૦૧૯નો <u>લાભ મળવાપાત્ર</u> થશે.”*

*[નાણાં વિભાગનો ઠરાવ ક્રમાંક: જીએસટી-૧૦૨૦૧૯-૧૦૦૬-ઠ*

*તા. ૨૬/૦૫/૨૦૨૨]*

# ૪. <u>વ્યવસાય વેરા નિયમોમાં સુધારા</u>:

ગુજરાત રાજ્ય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા નિયમો, ૧૯૭૬ (વ્યવસાય વેરા નિયમો) માં <u>*તા. ૨૪/૦૫/૨૦૨૨ની અસરથી*</u> નીચે મુજબ સુધારા કરવામાં આવેલ છે.

## ૪.૧ <u>રાજ્ય સરકાર Designated Authority તરીકે નિમાયેલ છે તેવાં કિસ્સામાં નિયમોમાં ફેરફાર</u>:

- નિયમ-૨(૪) બાદ નવો નિયમ ઉમેરીને રજીસ્ટ્રેશન, પત્રક અને વેરાની ચૂકવણીને લગતી સુવિધાઓ માટે www.commercialtax.gujarat.gov.in તેમજ ifp.gujarat.gov.in ને <u>"portal"</u> તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવ્યાં.
- નિયમ-૩ માં નવો પેટા-નિયમ (૩) ઉમેરીને કામે રાખનાર (<u>નિયોક્તાઓ</u>) <u>માટે નોંધણી મેળવવાની પ્રક્રિયા ફરજીયાત ઓનલાઇન</u> બનાવવામાં આવી.
- નિયમ-૪ માં નવો પેટા-નિયમ (૫) ઉમેરીને <u>વ્યવસાયીઓ માટે નોંધણી મેળવવાની પ્રક્રિયા ફરજીયાત ઓનલાઇન</u> બનાવામાં આવી.
- નિયમ-૫ માં પ્રોવિઝો ઉમેરીને <u>નિયોક્તાઓ કે જેમણે ઓનલાઇન રજીસ્ટ્રેશન મેળવેલ</u> છે તેમનાં માટે રજીસ્ટ્રેશન સર્ટીફીકેટમાં <u>સુધારા-વધારાની પ્રક્રિયા ફરજીયાત ઓનલાઇન</u> બનાવવામાં આવી.

# ૪. વ્યવસાય વેરા નિયમોમાં સુધારા: Cont…

## ૪.૧ રાજ્ય સરકાર Designated Authority તરીકે નિમાયેલ છે તેવાં કિસ્સામાં નિયમોમાં ફેરફાર:

- નિયમ-૬ માં પ્રોવિઝો ઉમેરીને વ્યવસાયીઓ કે જેમણે ઓનલાઇન રજીસ્ટ્રેશન મેળવેલ છે તેમનાં માટે રજીસ્ટ્રેશન સર્ટીફીકેટમાં સુધારા-વધારાની પ્રક્રિયા ફરજીયાત ઓનલાઇન બનાવવામાં આવી.
- નિયમ-૯ માં પ્રોવિઝો ઉમેરીને નિયોક્તાઓ તેમજ વ્યવસાયીઓ માટે રજીસ્ટ્રેશન સર્ટીફીકેટની નકલ મેળવવાની પ્રક્રિયા ઓનલાઇન બનાવવામાં આવી.
- નિયમ-૨૮ ના ક્લોઝ (સી) માં સુધારો કરીને નિયોક્તાઓ તેમજ વ્યવસાયીઓ માટે રજીસ્ટ્રેશન સર્ટીફીકેટની નકલ મેળવવાની ફી માંથી મુક્તિ આપવામાં આવી.
- નવો નિયમ-૩૦ ઉમેરીને તા. ૨૩/૦૫/૨૦૨૨ ના રોજ નોંધાયેલ હોય તેવાં નિયોક્તાઓ તેમજ વ્યવસાયીઓ કે જેમણે ઓનલાઇન નોંધણી મેળવેલ નથી તેઓને અનુક્રમે ફોર્મ-૧એ અને ફોર્મ-૩એ માં નોંધણીને લગતી વિગતો રજુ કર્યેથી ઓનલાઇન પત્રક અને વેરાની ચૂકવણી અંગેની સવલત ઉપલબ્ધ કરાવવામાં આવી.
- નોંધણીની વિગતો રજુ કરવા માટે નિયોક્તાઓ માટે ફોર્મ-૧એ અને વ્યવસાયીઓ માટે ફોર્મ-૩એ નવાં ઉમેરવામાં આવ્યા.

# ૪. <u>વ્યવસાય વેરા નિયમોમાં સુધારા</u>: Cont…

## ૪.૨ <u>તમામ **Designated Authority** માટે નિયમોમાં ફેરફાર:</u>

- નિયોક્તાઓ માટે નોંધણીની અરજી અંગેનાં <u>ફોર્મ-૧ માં</u> વેરાનાં દરના <u>સ્લેબમાં કરવામાં આવેલ ફેરફાર મુજબનો</u> સુધારો તેમજ જીએસટી હેઠળનાં સપ્લાયર્સનાં જીએસટી નંબરની વિગતો રજુ કરવા અંગે સુધારો.
- વ્યવસાયી માટે નોંધણીની અરજી અંગેનાં <u>ફોર્મ-૩ માં</u> જીએસટી હેઠળનાં <u>સપ્લાયર્સનાં જીએસટી નંબરની વિગતો રજુ કરવા અંગે</u> સુધારો.
- માસિક પત્રકના <u>ફોર્મ-૫ માં વેરાનાં દરના સ્લેબમાં</u> કરવામાં આવેલ ફેરફાર મુજબનો સુધારો.
- વાર્ષિક પત્રકના <u>ફોર્મ-૫એ માં વેરાનાં દરના સ્લેબમાં</u> કરવામાં આવેલ ફેરફાર મુજબનો સુધારો.
- કર્મચારીઓની સંખ્યા ૨૦થી વધતી ન હોય તેવાં કિસ્સામાં વાર્ષિક પત્રકના <u>ફોર્મ-૫એએ માં વેરાનાં દરના સ્લેબમાં</u> કરવામાં આવેલ ફેરફારને અનુરૂપ સુધારો.
- ફોર્મ-૫એમાં વાર્ષિક પત્રક રજુ કરવા અંગે અરજી માટેનાં <u>ફોર્મ-૫બી માં વેરાનાં દરના સ્લેબમાં</u> કરવામાં આવેલ ફેરફારને અનુરૂપ સુધારો.
- આકારણી આદેશ માટેનાં નિયત <u>ફોર્મ-૮ માં વેરાનાં દરના સ્લેબમાં કરવામાં આવેલ ફેરફારને</u> અનુરૂપ સુધારો.

*[નોટીફીકેશન નં. GHN-37-PFT-2022/S.27(1)(14)TH તા. ૨૪/૦૫/૨૦૨૨]*

# આભાર

નોંધ:

a) ઉક્ત કાયદા-નિયમોનાં સુધારા, નોટીફીકેશન્સ, પરિપત્ર ડિપાર્ટમેન્ટની વેબ સાઈટ પર મુકેલ છે, જેનો અભ્યાસ કરવા વિનંતિ.

b) પ્રસ્તુત બાબતે જો કોઈ અસ્પષ્ટતા હોય તો ડિપાર્ટમેન્ટની કાયદા શાખાનો સંપર્ક કરવા વિનંતિ છે.